# ઈકો ફ્રેન્ડલી ફલોરિંગ મટીરિયલ્સ




ઘણાં લોકો કહે છે કે ઘરની છત ઘરનું સૌથી મહત્વનું તત્ત્વ છે. પરંતુ ફર્શનું શું? હા, છત આશરો આપે છે પરંતુ ફ્લોર ઘરને જમીન આપે છે. ફર્શને આધારે જ એક ઘર અધિક તાપમાનમાં ફ્લેક્સિબલ, ટકાઉ અને ત્યાં સુધી કે સૌંદર્યની દૃષ્ટિએ પણ આકર્ષક લાગી શકે છે.આવો જોઇએ કેટલાંક ફ્લોરિંગ મટીરિયલ્સ..

## કડપ્પા સ્ટોન

કડપ્પા પથ્થર એક પ્રકારનો કાળા ચૂનાનો પથ્થર છે. જે દક્ષિણ ભારતમાં મળે છે. કડપ્પા તરીકે પણ એ ઓળખાય છે. આ મટીરિયલ સખત કોમ્પેક્ટ પથ્થર છે જે એને ફર્શ માટે યોગ્ય વિકલ્પ બનાવે છે. એની મજબૂતી અને ડાર્ક કલર એને બહારના વાતાવરણ અને અંદરના રોજિંદા ઘસારાને ઓછામાં ઓછા મેન્ટેનન્સ સાથે જાળવી રાખવામાં મદદ કરે છે. એની અનઈવન સપાટી એને સ્લીપ રેઝિસ્ટન્ટ બનાવે છે. પુલ સાઈડ એરિયા અને ભીના વાતાવરણ માટે કડપ્પા સ્ટોન યોગ્ય છે.

## ઇન્ડિયન પેટન્ટ સ્ટોન (IPS)

ઈન્ડિયન પેટન્ટ સ્ટોન ઓકસાઈડ ફ્લોરિંગ તરીકે પણ ઓળખાય છે. આ એક સિમેન્ટ બેઝ્ડ ફ્લોરિંગ છે અને ભારતમાં બહુ સામાન્ય છે. કિફાયતી, ટકાઉ અને ઓછા મેન્ટેનન્સવાળા IPS ફ્લોરિંગ વધારે અવરજવરવાળી જગ્યા અને રેગ્યુલર ઘરો માટે યોગ્ય વિકલ્પ છે. આ મટીરિયલ સામાન્ય રીતે પોતાના કુદરતી સિમેન્ટ કલર- ગ્રે રંગમાં લગાડવામાં આવે છે પરંતુ એને મનપસંદ કલર અને પેટર્નમાં પણ કરાવી શકાય છે. ઉચ્ચ તાપમાનને નિયંત્રિત કરવા અને સહન કરવાની ક્ષમતાને કારણે એ ભારતમાં લોકપ્રિય છે. જો કે ભીનું થવાથી એ સ્લિપરી - સરી જવાય એવું બની શકે છે એટલે પુલ સાઈડ વિસ્તાર અને ભીના વાતાવરણ માટે યોગ્ય નથી.


## ટેરાઝો

ટેરાઝો એક મિશ્રિત સામગ્રી છે જેમાં આરસ, ગ્રેનાઈટ, કાચ કે અન્ય સામગ્રીઓને સિમેન્ટ કે ઈપોક્સી બાઈન્ડર સાથે મિક્સ કરવામાં આવે છે. તે ટકાઉ અને લાંબો સમય રહે છે તથા રીસાઈકલ કરેલી વસ્તુઓનો ઉપયોગ કરી બનાવી શકાય છે. એના આકર્ષક દેખાવ અને ટકાઉપણાને કારણે ટેરોઝો ફ્લોરિંગ ભારતીય ઘરો માટે એક સ્ટાઈલિશ અને ઈકોફ્રેન્ડલી વિકલ્પ છે. અલબત્ત, અન્ય સામગ્રીઓની સરખામણીએ મોંઘું હોય છે. એનું ટકાઉપણું એને આધુનિક અને સ્કેન્ડિનેવિયાઈ પ્રેરિત બંને પ્રકારના ઈન્ટીરિયર માટે એને યોગ્ય વિકલ્પ બનાવે છે.

## ટેરાકોટા ટાઈલ્સ

ટેરાકોટા ટાઈલ્સ માટીમાંથી બનાવવામાં આવે છે અને ઉચ્ચ તાપમાને પકાવવામાં આવે છે. જે તેને જૂના જમાનાની ગામઠી સૌંદર્યલક્ષી અને પર્યાવરણને અનુકૂળ પૃષ્ઠભૂમિ આપે છે. ફર્શ તરીકે ટેરાકોટા ટાઈલ્સ અત્યંત ટકાઉ હોય છે અને તિરાડ તથા રોજિંદા ઘસારા પ્રત્યે રેઝિસ્ટન્ટ હોય છે. એની જાળવણી પણ બહુ ઓછી હોય છે અને સાફ કરવી પણ સહેલું છે. જો કે છિદ્રાળ હોવાથી સમયાંતરે સીલ કરવી પડે છે. ટેરાકોટા ટાઈલ્સ ઈનડોર અને આઉટડોર બંને માટે યોગ્ય છે કારણ કે તેનો કલર ફિક્કો પડતો નથી અને એ તાપમાનને સારી રીતે નિયંત્રિત કરી શકે છે. એ હેન્ડમેડ અથવા મશીન કટ હોય છે. પરિણામે અલગ અલગ આકાર અને સ્ટાઈલમાં મળે છે.





## કોટા સ્ટોન

રાજસ્થાનમાંથી મળતાં કોટા સ્ટોન ચૂનાના પથ્થરનો એક પ્રકાર છે. એની પોલિશ્ડ સપાટી અને માટીના વિવિધ રંગો માટે ઓળખાતાં આ પથ્થર એક આકર્ષક ફ્લોરિંગ સામગ્રી છે. કોટા સ્ટોન અત્યંત ટકાઉ અને ઓછી જાળવણીવાળા હોય છે અને એમાં હીટ રેઝિસ્ટન્ટ-ગરમી પ્રતિરોધક ગુણો પણ હોય છે આથી એ વધુ અવરજવરવાળી જગ્યા અને ગરમ આબોહવા માટે યોગ્ય છે. અલબત્ત, કોટા સ્ટોનના સ્મુધ અને છિદ્રાળુ ગુણોને કારણે એના પર સ્ક્રેચિસ, ડાઘ જલદી પડી જાય છે. ફ્લોરિંગ મટીરિયલ તરીકે એની કિંમત વધુ હોઇ શકે છે પરંતુ લાંબા ગાળાના મૂડીરોકાણ માટે યોગ્ય છે.

## જેસલમેર સ્ટોન

રાજસ્થાનનો જેસલમેર સ્ટોન એક પ્રકારનો ચૂનાનો પથ્થર છે જે પોતાના સોનેરી-ગેરુ રંગ માટે જાણીતો છે. ફ્લોરિંગ મટીરિયલ તરીકે એ ટકાઉ છે. જો કે કેટલેક અંશે છિદ્રાળુ અને ડાઘધબ્બા પ્રત્યે સંવેદનશીલ હોય છે. એની ચમક અને લચીલાપણું જાળવી રાખવા માટે એની નિયમિત જાળવણી અને સીલિંગની જરૂર પડે છે. અલબત્ત એ બહુ મોંઘા નથી હોતા તો સૌથી સસ્તું ફ્લોરિંગ મટીરિયલ પણ નથી. જો કે એની પ્રાકૃતિક ચમકને કારણે એ પર્યાવરણને અનુકૂળ અને સ્ટાઈલિશ પસંદગી છે.

## માટી

લીંપણનાં જૂના ઘરો તમને યાદ હશે જ. મડ ફ્લોરિંગ મટીરિયલ મોટા ભાગે ભારતીય ફ્લોરિંગનું સૌથી જૂનું અને સૌથી કુદરતી રૂપ છે. માટી, રેતી અને ભૂસાના મિશ્રણમાંથી બનેલી માટી અથવા માટીનું ફ્લોરિંગ તેના ટકાઉપણા અને કલાઈમેટ અનુકૂળ ગુણોને કારણે આધુનિક ઘરોમાં ઝડપથી લોકપ્રિય થઇ રહ્યું છે.

ઓછા ઈન્ડસ્ટ્રિયલ પ્રોસેસિંગ સાથે માટીની ફર્શ ઘર બનાવવા માટે સૌથી પર્યાવરણ અનુકૂળ વિકલ્પ છે.

એ જ રીતે એ અતિશય તાપમાનને નિયંત્રિત કરી ઊર્જા બચાવે છે. એનું મુખ્ય આકર્ષણ એની ઓછી કિંમત છે. બીજી બાજુ પોતાની પ્રકૃતિને કારણે માટીની ફર્શમાં મોઈશ્ચર અટકાવવાની ક્ષમતા નથી. એથી એના ટકાઉપણા પર અસર થાય છે અને એની જાળવણી વધુ કરવી પડે છે.

